ગુજરાત યુનિવર્સિટી

GUJARAT UNIVERSITY

યુવક કલ્યાણ વિભાગ

DEPARTMENT OF YOUTH WELFARE

GUJARAT UNIVERSITY Estd. 1949

યુ.ક નં./ ૨૪ /૨૦૨૫ તા: ૨૩-૦૬-૨૦૨૫

પ્રતિ,

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી વિદ્યા ભવનના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાશ્રીઓ

**વિષયઃ "સંવિધાન હત્યા દિવસ"ની ઉજવણી બાબત.**

**સંદર્ભઃ** (૧) Directorate of Technical Education અને શિક્ષણ વિભાગ તરફથી આવેલ ઈ-મેઈલ

(૨) રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર ના પત્રાંક NO. SYNCA/2025/07/D તા. ૧૮ જૂન, ૨૦૨૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે આ સાથે સામેલ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગુજરાત સરકારના પત્રાંક NO. SYNCA/2025/07/D તા. ૧૮ જૂન, ૨૦૨૫ ને ધ્યાનમાં લઈને "સંવિધાન હત્યા દિવસ"ની ઉજવણી બાબતે આપના દ્વારા ઘટતી કાર્યવાહી કરવા વિનતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

નાયબ નિયામક યુવક કલ્યાણ

No. SYNCA/2025/07/D
એમ. થેન્નારસન, આઈ.એ.એસ.
અગ્ર સચિવ
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ
ગુજરાત સરકાર
બ્લોક નં. ૨, આઠમો માળ, સરદાર પટેલ ભવન,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

તારીખ :૧૮ જૂન, ૨૦૨૫

પ્રતિ,

૧. અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૨. અગ્ર સચિવશ્રી વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૩. સચિવશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૪. સર્વે મ્યુનિસિપલ કમિશરશ્રી

૫. સર્વે કલેક્ટરશ્રી

૬. સર્વે પોલીસ કમિશરનરશ્રી તથા જિલ્લા પોલીસ અધીશકશ્રી

**વિષય: "સંવિધાન હત્યા દિવસ"ની ઉજવણી બાબત.**

માનનીયશ્રી,

ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા ઈ.સ.૧૯૭૫માં અમલી થયેલ કટોકટીના ૫૦ વર્ષ તા.૨૫.૦૬.૨૦૨૫ના રોજ પૂર્ણ થવાના સંદર્ભમાં લોકશાહીના મૂલ્યોનું સ્મરણ કરવાના હેતુથી "સંવિધાન હત્યા દિવસ"ની ઉજવણી કરવાનું નક્કી કરેલ છે. તદ અન્વયે તા.૨૫.૦૬.૨૦૨૫ના રોજ રાજ્યકક્ષાના કાર્યક્રમનું આયોજન ટાઉન હોલ, ગાંધીનગર ખાતે તથા ૧૬ મહાનગરપાલિકાઓ તથા ૧૬ જિલ્લાઓમાં ઉક્ત કાર્યક્રમ કરવાનો રહે છે. જેમાં શિક્ષણ વિભાગ, વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ તેમજ સ્થાનિક વહીવટી તંત્ર ના સંકલનમાં કાર્યક્રમનું આયોજન કરવાનું થાય છે.

- સદરહુ કાર્યક્રમોમાં લલિતકલા અકાદમી દ્વારા ફોટોગ્રાફી પ્રદર્શન અને ઈવેન્ટના પ્રવેશ પર કેનવાસ સાઈનીંગ કેમ્પઈન કરવા સાથે લોકશાહીના પ્રતિક સમા સેંગોલના મોડલ પ્રદર્શિત કરવા તથા લોકશાહી થીમ આધારિત ગીતો વગાડવાનું આયોજન કરવાનું રહેશે.
- ઈમરજન્સી આધારિત શોર્ટ ફિલ્મ બનાવી સિનેમા હોલમાં તેનું પ્રસારણ કરવું, પ્રભાવિત નાગરિકોના ઈન્ટરવ્યુ તથા તેનું મિડીયા તથા રેડિયો કવરેજ તથા ઓનલાઈન પ્રસારણ. (માહિતી અને પ્રસારણ વિભાગ)



ફોન : ૦૭૯-૨૩૨ ૫૧૩૭૩
ઈ-મેઈલ: secsyc@gujarat.gov.in

- રાજયકક્ષાના કાર્યક્રમમાં પ્રસ્તુત કરવાના થતા નાટકની સ્ક્રીપ્ટની સત્યતા તથા બંધારણીય નિષ્ણાતની વયવસ્થા તથા આનુસંગિક કામગીરી વૈધાનિક અને અને સંસદીય બાબતોનો વિભાગ દ્વારા કરવાની રહેશે.
- **MYGov** પોર્ટલ પર નિર્દિષ્ટ વિષયો ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન તથા કટોકટી સંબંધિત પ્રદર્શનો અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન; કોલેજ તથા વિશ્વવિદ્યાલયો ખાતે લોકશાહીની થીમ આધારિત ચર્ચા/ સેમિનારનું આયોજન કરવાનું રહેશે તથા રાષ્ટ્રીય પોર્ટલ ઉપર ઈવેન્ટ અપલોડ કરવાની રહેશે. (શિક્ષણ વિભાગ)
- જિલ્લા કક્ષાએ પદાધિકારીઓ અને ગણમાન્ય વ્યક્તિઓની ઉપસ્થિતિ સાથે જાહેર જનતાની ભાગીદારી સુનિશ્ચિત કરવાની રહેશે તથા ભારત વોલન્ટીયર દ્વારા સમગ્ર રાજયમાં આયોજિત મશાલ યાત્રાનો રૂટ નક્કી કરવાનો રહેશે. જરૂરી તીરંગા, કેનવાસ, સાઉન્ડ સિસ્ટમ ઉપલબ્ધ કરાવવાની રહેશે. તીરંગા સાથે બાઈક રેલી, કાર રેલી, મેરેથોન દોડનું આયોજન કરવાનું રહેશે. (સ્થાનિક વહીવટી તંત્ર)
- સમગ્ર રાજયમાં આયોજિત આ પ્રકારના કાર્યક્રમોમાં કાયદો વ્યવસ્થા , ટ્રાફિક નિયંત્રણ, મશાલ યાત્રા માટે એસ્કોર્ટ વ્યવસ્થા, માય ભારત વોલન્ટીયર સાથે સહકાર સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા કરવાનો રહેશે. (સર્વે પોલીસ કમિશનરશ્રી તથા સર્વેજિલ્લા પોલીસ અધિક્ષકશ્રી)
- **નોડલ અધિકારી :**

આ કાર્યક્રમના સુચારુ આયોજન અને અમલીકરણ માટે શ્રી હિરેન પટોડીયા, સહાયક નિયામક (ઉજવણી), કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર (સંપર્ક નં.૯૫૭૪૮ ૪૩૪૨૫) ને નોડલ અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવે છે.

આભાર સહ,

(એમ. થેન્નારસન, આઈ.એ.એસ.)
અગ્ર સચિવ
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ
ગુજરાત સરકાર, ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

(૧) અંગત સચિવશ્રી, માનનીય અધિક મુખ્ય સચિવશ્રીમનું કાર્યાલય, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૨) અંગત સચિવશ્રી, માનનીય અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, ગૃહ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૩) અંગત સચિવશ્રી, વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(૪) અંગત સચિવશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(૫) સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રી

(૬) કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જૂના સચિવાલય, બ્લોક નં૧૧/૩, ગાંધીનગર

(૭) સર્વે કલેક્ટરશ્રી

(૮) શ્રી હિરેન પટોડીયા, સહાયક નિયામકશ્રી (ઉજવણી), કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જૂના સચિવાલય, બ્લોક નં૧૧/૩, ગાંધીનગર